ક્રમાંક: જીઆઈડીસી/ ઈએનજી / જા.આ./૧૦
તા. ૧૯/૦૬/૨૦૨૦

પરિપત્ર:

વિષય: નિગમના ફાળવણીદારોને પાણી વપરાશના બિલોની ચૂકવણીના સમયગાળામાં વધારો કરવા બાબત.

સંદર્ભ: કાર્યસૂચિ ક્રમાંક : ૧૧/ સરક્યુલેટિગ/ તા. ૧૭.૦૬.૨૦૨૦ અન્વયે ઠરાવ ક્રમાંક: ૩૦/ સરક્યુલેટિગ/ તા. ૧૭.૦૬.૨૦૨૦

નિગમની તા. ૧૭/૦૬/૨૦૨૦ ના રોજ મળેલ ૫૦૬મી સભામાં નિગમના ફાળવણીદારોને પાણી વપરાશના બિલોની ચૂકવણીના સમયગાળામાં વધારો કરવા બાબત કાર્યસૂચિ ક્રમાંક : ૧૧/ સરક્યુલેટિગ/ તા. ૧૭.૦૬.૨૦૨૦ અન્વયે ઠરાવ ક્રમાંક: ૩૦/ સરક્યુલેટિગ/ તા. ૧૭.૦૬.૨૦૨૦થી મંજૂરી મળેલ છે. આ મુજબ કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારી અંતર્ગત લોક ડાઉનના કારણે બંધ રહેલ ઉધોગોને પુનઃ રાબેતા મુજબ કાર્યરત કરવાના હેતુસર જીઆઈડીસી વસાહતોમાં આવેલ ફાળવણીદારોને પાણી તથા ડ્રેનેજ બીલ જારી થયે નિયત સમયમર્યાદામાં ભરી શકે તેમ ન હોઈ માર્ચ-૨૦૨૦ તથા એપ્રિલ-૨૦૨૦ ના બીલ જારી થયેથી તેના ચુકવણાની મુદત ૩૦ જુન ૨૦૨૦ સુધી વધારવા નીચે મુજબ રાહતો આપવા દરખાસ્ત કરવામાં આવે છે.

(૧) પાણી તથા ડ્રેનેજના માર્ચ-૨૦૨૦ તથા એપ્રિલ-૨૦૨૦ના બીલ જારી થયેથી નિયત સમય મર્યાદામાં ચુકવી શકાય તેમ ન હોઈ, સદર બીલો ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં ચુકવણી કરવાની રહેશે.

(૨) આ વધારેલ / છુટછાટના સમયગાળા માટે વિલંબીત ચુકવણા પરના વ્યાજ કે દંડકીય વ્યાજ ની આકારણી/વસુલાત કરવાની રહેશે નહી.

(૩) આ વધારેલ / છુટછાટના સમયગાળા દરમ્યાન પાણીના જોડાણ કાપવાના રહેશે નહીં.

(૪) જીઆઈડીસી તેમજ નિર્દિષ્ટ વિસ્તાર દ્વારા સંચાલિત પાણી પુરવઠા તથા ડ્રેનેજ યોજનાઓને ઉપરોક્ત રાહત લાગુ પડશે.

સહિ/-

(એમ થેન્નારસન)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમ/ નિર્દિષ્ટ વિસ્તાર ના તમામ અધિકારીશ્રીઓ તરફ ..........................

**નકલ રવાના:**

૧) પ્રમુખશ્રી, ફેડેરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, ગાંધીનગર .................... તરફ જાણ તેમજ સભ્ય એસોસીએશનને માહિતગાર કરવા સારૂ.

૨) મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઈડીસી, ગાંધીનગર .................... તરફ જાણ તેમજ વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ

મેનેજર (મહેકમ)